મળ્યા તારીખ	૦૩-૦૪-૨૦૨૫		
રજીસ્ટર નોંધ્યા તારીખ	૦૩-૦૪-૨૦૨૫		
ફેંસલ કર્યા તારીખ	૨૩-૦૪-૨૦૨૬		
સમયગાળો	વર્ષ	માસ	દિવસ
	૦૨	૦૦	૨૦

ધોળકાના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ધોળકા

ફોજદારી કેસ નં.૧૫૫૫/૨૦૨૫
આંક-

Complainant: **Shreeram Transport Finance Co.Ltd.**
(formally known as Shreeram transport
finance co.ltd.)Authorized Person
Nikeshkumar Rameshbhai Patel
Age-૩૨, Cast-Hindu,
1st Floor, Rayal Business Park,
Nr. State Bank Of India, Kalikund,
Dholka, Ahmedabad.

V/s

Accused: **Jivrambhai Jayantibhai Patel**
Add. Aambawass, Metal Gam,
Bavla, AHMEDABAD.

ગુનો: **નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબ.**

ફરીયાદપક્ષે વિ.વ.શ્રી એમ.આર.જાદવ.

આરોપી પક્ષે વિ.વ.શ્રી પી.ડી.મકવાણા.

ચુકાદો

૦૧. ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી ઉપરોક્ત સરનામે શ્રીરામ ફાઇનાન્સ લી.ના નામથી ફાઇનાન્સનો ધંધો કરે છે જેનું જુનુ નામ શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઇનાન્સ કં.લી. હતું જે નામ બદલાઇને શ્રી રામ ફાઇનાન્સ લી. થયેલ અને જે અંગે ગવર્મેન્ટ ઓફ ઇન્ડીયા, મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ દ્વારા નામ ચેન્જ અંગેનું સર્ટીફિકેટ આપવામાં આવેલ અને જેનો કોર્પોરેટ આઇડેન્ટીફિકેશન નં.

(CIN) L65191TN1979 PLC007874 છે અને જે કંપની એક્ટ-૧૯૫૬ હેઠળ નોંધાયેલ અને જે કંપનીની સમગ્ર દેશમાં જુદી જુદી જગ્યાઓએ બ્રાંચો આવેલ છે તે પૈકી ધોળકા ખાતેની બ્રાન્ચ આવેલ છે અને શ્રી રામ ફાઈનાન્સ લી. ગ્રાહકોની જરૂરીયાત મુજબ સીક્યોરડ લોન, ફોર-વી ગાડી, મશીનરી, ટ્રક યાને કે હેવિ મોટર વ્હીકલ ખરીદવા તથા નવા જૂના વાહનો ખરીદવા તથા ગ્રાહકોના પોતાના વાહનો ઉપર ધિરાણની જરૂરીયાત હોય તો શ્રી રામ ફાઈનાન્સ લી. ટેડ. ગ્રાહકોને ધિરાણ આપે છે તથા અન્ય પ્રકારે ફાઈનાન્સ કરવાનું યાને કે લોન એટલે કે ધિરાણ આપવાનું કામકાજ કરે છે. સદર કામના ફરીયાદીને શ્રી રામ ફાઈનાન્સ લી. નાં ઓથોરાઈઝ પર્સન તરીકે કંપનીના તમામ પ્રકારના કામકાજ કરવા માટે કંપની દ્વારા નિયુક્ત કરેલ છે અને કંપની વતી કામ કરવા સારુ પાવર ઓફ એટોની આપવામાં આવેલ અને તેઓને ઓથોરોઈઝ કરેલ છે. આ કામના તહોમતદારને બિઝનેશ માટે ધિરાણની જરૂરીયાત હોય સદર કામના ફરીયાદીને ધિરાણ મેળવવા સારુ અરજી કરેલી. જે અરજી ધ્યાને લઈ તહોમતદારને ફરીયાદી દ્વારા ધિરાણ આપવામાં આવેલ અને તે અંગે ફરીયાદી અને તહોમતદારનાઓ વચ્ચે લોન અંગેનો અગ્રીમેંટ થયેલો જેનો લોન એગ્રીમેન્ટ નં.DHOLK2307280001 છે અને તહોમતદારને ફરીયાદીની કંપની દ્વારા ધિરાણ આપવામાં આવેલુ જે તહોમતદારે મેળવેલુ અને આમ ફરીયાદીને તહોમતદારે લીધેલ લોન અંગે લોન એગ્રીમેન્ટની શરતો મુજબ પરત ચુકવી આપવાની પાકી બાંહેધરી અને પાકો વિશ્વાસ અને ભરોસો આપેલો અને જેના લીધે સદર કામના ફરીયાદી દ્વારા સદર કામના તહોમતદારને ધંધા માટે બિઝનેશ લોન આપેલ. ત્યારબાદ સદર કામના ફરીયાદીએ સદર કામના તહોમતદારનાઓને આપેલ લોનની ચુકવણી કરતા ના હોય સદર ફરીયાદી દ્વારા બાકી લોનની રકમની માંગણી કરતા તહોમતદાર દ્વારા ફરીયાદીના કાયદેસરના બાકી લોનના લેણા પેટે તહોમતદારે જવાબદારી સ્વીકારી તેઓએ સહી કરી તેઓની બેંક STATE BANK OF INDIA, BAVLA BRANCH, નો ચેક નં.૩૦૮૩૨૮, રૂા.૧,૯૦,૦૦૦/- નો તા.૬.૧૨.૨૦૨૪ ના રોજનો ચેક તહોમતદારે પોતાની સહી મત્તા કરી ફરીયાદીને આપેલ અને સદરહુ ચેક બેંકમાં ભરતા સ્વીકારાઈ જશે તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ. ત્યારબાદ સદર ચેક ફરીયાદી બેન્કે તેઓના ખાતામાં જમા કરાવતા તા.૨૦.૧.૨૦૨૫ ના રોજ સ્વીકાર્યા વગર "FUND INSUFFICIENT" ના શેરા સાથે પરત આવતા ફરીયાદીએ તા.૧૮.૨.૨૦૨૫ ના રોજ રજી. પો. એડી. થી આરોપીને નોટીસ આપેલ જે નોટીસ તા.૧૯.૨.૨૦૨૫ ના રોજ બજેલ તેમ છતા તમો તહોમતદારે ફરીયાદીના કાયદેસરના લેણા નાણાં પરત ચુકતે કરી આપેલ ના હોય, જેથી ફરીયાદીએ આરોપી વિરુદ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ની ફરીયાદ કરેલ છે.

૦૨. ફરીયાદીની ફરીયાદ દાખલ થતાં નામદાર કોર્ટ દ્વારા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો સમન્સ આરોપી વિરૂદ્ધ કાઢવાનો હુકમ અત્રેની કોર્ટ દ્વારા કરવામાં આવેલ. જે આરોપીને બજતાં તેઓ તેમના વિ.વ.શ્રી મારફત હાજર થયેલ છે. ત્યારબાદ આરોપીને સદરહું કેસ પેપર્સની નકલો આપી ફરીયાદની વિગતો બાબતે પુછતાં તેમણે ગુનો કબુલ ન હોવાનું જણાવેલ છે. જે નિવેદન આ કામમાં આંક–૭ થી નોંધવામાં આવેલ છે. જેમાં તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ છે. જેથી સદર કામમાં ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

૦૩. આ કામે ફરીયાદી તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયા છે.

મૌખિક પુરાવા

(૦૧) આંક–૫ થી ફરીયાદી નિકેશકુમાર રમેશભાઈ પટેલનું સરતપાસનું સોગંદનામું

દસ્તાવેજી પુરાવા

(૦૧) આંક–૧૧ થી સર્ટીફિકેટ

(૦૨) આંક–૧૨ થી POA/ ઓથોરાઈઝ લેટર

(૦૩) આંક–૧૩ થી ચેક

(૦૪) આંક–૧૪ થી ચેકનો રીટર્ન મેમો

(૦૫) આંક–૧૫ થી આરોપીને આપેલ નોટીસ

(૦૬) આંક–૧૬ થી આર.પી.એ.ડી. મોકલ્યાની સ્લીપ

(૦૭) આંક–૧૭ થી ટ્રેક રેકોર્ડ (ઈન્ડીયન પોસ્ટ) કવર/એકનોલેજમેન્ટની રસીદ

(૦૮) આંક–૧૮ થી સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ

૦૪. સદરહું ફરિયાદના કામનું રેકર્ડ તથા રોજકામ ધ્યાને લેતાં, ફરિયાદી તરફે આંક–૧૯ થી ક્લોઝીંગ પુરસીસ રજૂ કરી પુરાવો પુરો થયાનું જાહેર કરતા, સદરહું ફરિયાદના કામનું રેકર્ડ તથા રોજકામ ધ્યાને લેતાં, સદર ફરિયાદનું કામ આરોપીના ક્રિ. પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયેના વિશેષ નિવેદન ઉપર મુકવામાં આવેલ પરંતુ આરોપી હાજર રહેતાં ના હોય આરોપીના વિશેષ નિવેદનનો હક્ક બંધ કરેલ છે. ત્યારબાદ સદર ફરિયાદના કામે ફરિયાદપક્ષના વિ.વ.શ્રીની દલીલોને ધ્યાને લીધેલ છે.સદર ફરિયાદના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૦૫. મુદ્દાઓ

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ પોતાના ખાતાનો ફરિયાદવાળો ચેક ફરિયાદીના કાયદેસરના લેણાંની ચુકવણી પેટે તથા આરોપીના કાયદેસર રીતે વસુલ થઈ શકે તેવા દેવાની ચુકવણી પેટે ફરિયાદીને આપેલ છે?

(૨) શું આરોપીએ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે?

(૩) શું હુકમ?

૦૬. ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા નિર્ણય આ પછી તરત જ દર્શાવેલ કારણો તથા ચર્ચાના અંતે નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) આખરી હુકમ મુજબ

નિર્ણયના કારણો

મુદ્દા નં. ૦૧

૦૭. આ કામે આરોપી વિરૂદ્ધ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાને પાત્ર ગુનાની ફરિયાદ દાખલ કરેલ છે. આ સંજોગોમાં ફરિયાદપક્ષ તરફે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ની જોગવાઈના આવશ્યક તત્ત્વો નિઃશંકપણે પુરવાર કરવા જોઈએ.

૦૮. આ કામે આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબનો આરોપ છે ત્યારે આ કલમ પાછળનો લેઝીસ્લેચરનો શું હેતુ હતો તે નામ. સુપ્રિમ કોર્ટે તેમનો ચુકાદા MSR Leathers v. S. Palaniappan 2013 CRI. L. J. 1112 માં નીચે મુજબ વર્ણવેલ છે.

27.It is trite that the object underlying Section 138 of the Act is to promote and inculcate faith in the efficacy of banking system and its operations, giving credibility to Negotiable Instruments in business transactions and to create an atmosphere of faith and reliance by discouraging people from dishonouring their commitments which are implicit when they pay their dues through cheques. The provision was intended to punish those unscrupulous persons who issued cheques for discharging their liabilities without really intending to honour the promise that goes with the drawing up of such a negotiable instrument.

૦૯. ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવેલી હકીકતોને અનુરૂપ સુસંગત પુરાવો રજુ કરેલ છે. આ તમામ હકીકતોનું અગાઉ વિગતવાર વર્ણન કરવામાં આવેલ હોવાથી ફરીથી પૂનરાવર્તન કરવામાં આવેલ નથી.

ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ના કાયદા અન્વયે આરોપી ફરિયાદીને જે ચેક આપેલ છે તે ચેક કાયદેસરની લ્હેણી રકમ પેટે આપેલ છે તે હકીકત ફરિયાદપક્ષે સાબિત કરવાની હોય છે અને તેને ખંડન કરતો પુરાવો આરોપીએ રજુ કરવાનો હોય છે, જે સંદર્ભે પુરાવો જોવામાં આવે તો ફરિયાદી તરફથી સરતપાસની એફીડેવીટ રજુ થયેલ છે જે તેમની ફરિયાદને અનુરૂપ છે અને આંક-૮ થી સર્ટીફિકેટ, આંક-૧૧ થી POA/ ઓથોરાઇઝ લેટર, આંક-૧૨ થી ચેક નં.૩૦૮૩૨૮, આંક-૧૩ થી ચેક નં. ૩૦૮૩૨૮ નો રીટર્ન મેમો, આંક-૧૪ થી આરોપીને આપેલ નોટીસ, આંક-૧૫ થી આરોપીને નોટીસ મોકલ્યાની રજી.એ.ડી.પાવતી,આંક-૧૬ થી ટ્રેક રેકોર્ડ(ઇન્ડીયન પોસ્ટ)/કવર/ એકનોલેજમેન્ટની રસીદ, આંક-૧૭ થી સ્ટેટ બેન્ક ઓફ એકાઉન્ટની નકલ રજુ છે.

૧૦. આમ, ફરિયાદીના વિ.વ.શ્રીની મૌખિક ધ્યાને રાખીને તેમજ રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લેતાં, આંક-૫ થી ફરીયાદી નિકેશકુમાર રમેશભાઈ પટેલનું સરતપાસનું રજુ થયેલ સોગંદનામું વંચાણે લેતા ફરીયાદી ઉપરોક્ત સરનામે શ્રીરામ ફાઇનાન્સ લી.ના નામથી ફાઇનાન્સનો ધંધો કરે છે જેનું જુનુ નામ શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઇનાન્સ કં.લી. હતું જે નામ બદલાઇને શ્રી રામ ફાઇનાન્સ લી. થયેલ અને જે અંગે ગવર્મેન્ટ ઓફ ઇન્ડીયા, મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ દ્વારા નામ ચેન્જ અંગેનું સર્ટીફિકેટ આપવામાં આવેલ અને જેનો કોર્પોરેટ આઇડેન્ટીફિકેશન નં.(CIN) L65191TN1979 PLC007874 છે અને જે કંપની એક્ટ-૧૯૫૬ હેઠળ નોંધાયેલ અને જે કંપનીની સમગ્ર દેશમાં જુદી જુદી જગ્યાઓએ બ્રાંચો આવેલ છે તે પૈકી ધોળકા ખાતેની બ્રાન્ચ આવેલ છે અને શ્રી રામ ફાઇનાન્સ લી. ગ્રાહકોની જરૂરીયાત મુજબ સીક્યોરડ લોન, ફોર-વી ગાડી, મશીનરી, ટ્રક યાને કે હેવિ મોટર વ્હીકલ ખરીદવા તથા નવા જૂના વાહનો ખરીદવા તથા ગ્રાહકોના પોતાના વાહનો ઉપર ધિરાણની જરૂરીયાત હોય તો શ્રી રામ ફાઇનાન્સ લી. ટેડ. ગ્રાહકોને ધિરાણ આપે છે તથા અન્ય પ્રકારે ફાઇનાન્સ કરવાનું યાને કે લોન એટલે કે ધિરાણ આપવાનું કામકાજ કરે છે. સદર કામના ફરીયાદીને શ્રી રામ ફાઇનાન્સ લી. નાં ઓથોરાઇઝ પર્સન તરીકે કંપનીના તમામ પ્રકારના કામકાજ કરવા માટે કંપની દ્વારા નિયુક્ત કરેલ છે અને કંપની વતી કામ કરવા સારુ પાવર ઓફ એટોની આપવામાં આવેલ અને તેઓને ઓથોરોઇઝ કરેલ છે. આ કામના તહોમતદારને બિઝનેશ માટે ધિરાણની જરૂરીયાત હોય સદર કામના ફરીયાદીને ધિરાણ મેળવવા સારુ અરજી કરેલી. જે અરજી ધ્યાને લઇ તહોમતદારને ફરીયાદી દ્વારા ધિરાણ આપવામાં આવેલ અને તે અંગે ફરીયાદી અને તહોમતદારનાઓ વચ્ચે લોન અંગેનો અગ્રીમેંટ થયેલો જેનો લોન એગ્રીમેન્ટ નં.DHOLK2307280001 છે અને તહોમતદારને ફરીયાદીની કંપની દ્વારા ધિરાણ આપવામાં આવેલુ જે તહોમતદારે મેળવેલુ અને આમ ફરીયાદીને તહોમતદારે લીધેલ લોન અંગે લોન એગ્રીમેન્ટની શરતો મુજબ પરત ચુકવી આપવાની પાકી બાંહેધરી અને પાકો

વિશ્વાસ અને ભરોસો આપેલો અને જેના લીધે સદર કામના ફરીયાદી દ્વારા સદર કામના તહોમતદારને ધંધા માટે બિઝનેશ લોન આપેલ. ત્યારબાદ સદર કામના ફરીયાદીએ સદર કામના તહોમતદારનાઓને આપેલ લોનની ચુકવણી કરતા ના હોય સદર ફરીયાદી દ્વારા બાકી લોનની રકમની માંગણી કરતા તહોમતદાર દ્વારા ફરીયાદીના કાયદેસરના બાકી લોનના લેણા પેટે તહોમતદારે જવાબદારી સ્વીકારી તેઓએ સહી કરી તેઓની બેંક STATE BANK OF INDIA, BAVLA BRANCH, નો ચેક નં.૩૦૮૩૨૮, રૂા.૧,૯૦,૦૦૦/– નો તા.૬.૧૨.૨૦૨૪ ના રોજનો ચેક તહોમતદારે પોતાની સહી મત્તા કરી ફરીયાદીને આપેલ અને સદરહુ ચેક બેંકમાં ભરતા સ્વીકારાઈ જશે તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ. ત્યારબાદ સદર ચેક ફરીયાદી બેન્કે તેઓના ખાતામાં જમા કરાવતા તા.૨૦.૧.૨૦૨૫ ના રોજ સ્વીકાર્યા વગર "FUND INSUFFICIENT" ના શેરા સાથે પરત આવતા ફરીયાદીએ તા.૧૮.૨.૨૦૨૫ ના રોજ રજી. પો. એડી. થી આરોપીને નોટીસ આપેલ જે નોટીસ તા.૧૯.૨.૨૦૨૫ ના રોજ બજેલ તેમ છતા તમો તહોમતદારે ફરીયાદીના કાયદેસરના લેણા નાણાં પરત ચુકવી આપેલ નથી તેમજ ફરીયાદી સરતપાસના સોગંદનામાની હકીકતને સમર્થન કરી નિ ૩/૧ થી નિ.૩/૮ ના દસ્તાવેજ રીફર કરે છે. જે સોગંદનામુ ફરીયાદીની સરતપાસ તરીકે, દાખલ, નિ.૩/૧ થી ૩/૮ ના દસ્તાવેજોની ફરીયાદીની સહીઓ ઓળખી બતાવતા હોય. અન્ય દસ્તાવેજ બેંન્કિગ એકટ મુજબ અસલ હોય અને પોસ્ટલ ડીપાર્ટમેન્ટના દસ્તાવેજ જનરલ કલોઝીઝ એક્ટ હેઠળ હોઈ ઉપરોક્ત દસ્તાવેજને નિ.૩/૧ થી નિ.૩/૮ ને રજુ દાખલ આંક ૧૧ થી ૧૮ આપવાનો હુકમ કરવામાં આવેલ. દસ્તાવેજોને પુરાવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની રહેશે તે મુજબનો પુરાવો ફરીયાદપક્ષે તેમની સરતપાસમાં જણાવેલ છે. ત્યારબાદ આરોપીને ફરીયાદીની ઉલટતપાસ કરવા માટે પૂરતી તક આપવા છતા હાજર રહેતા ના હોય ફરીયાદીની ઉલટતપાસ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

૧૧. વધુમાં, ધી નેગોશીયેબલ ધી ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ તથા કલમ–૧૧૮ વંચાણે લેતાં એમ સ્પષ્ટ થાય છે કે, જો એક વાર એમ સાબિત થાય કે, આરોપીએ ફરિયાદીને ચેક આપેલ છે તો તેવા સંજોગોમાં કેટલાક અનુમાનો અદાલતે કરવાના રહે છે. જો કે, તે અનુમાનો નિર્ણાયક પુરાવો નથી પરંતુ તેવા અનુમાનોનું ખંડન કરવા સોગંદ ઉપર જુબાની આપવી જ જોઈએ તેવો કોઈ કાયદાનો નિયમ નથી. આરોપી ફરિયાદીની ઊલટ તપાસ તથા રેકર્ડ પરના પુરાવા પરથી તેવા અનુમાનોનું ખંડન કરી શકે છે. ચુકાદાની સગવડતાં ખાતર કલમ–૧૧૮ તથા ૧૩૯ નીચે મુજબ રજુ છે.

118. Presumptions as to negotiable instruments. Until the contrary is proved, the following presumptions shall be made:

(a) of consideration. that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, endorsed, negotiated or transferred, was accepted, endorsed, negotiated or transferred for consideration;

(b) as to date. that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) as to time of acceptance. that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) as to time of transfer. that every transfer of a negotiable instrument was made before its maturity;

(e) as to order of indorsements. that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) as to stamp. that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) that holder is a holder in due course. that the holder of a negotiable instrument is a holder in due course:

Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

139. Presumption in favour of holder. It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability.

વધુમાં આ કામે ક્યાં ક્યાં સંજોગોમાં અનુમાનોનું ખંડન કેવી રીતે કરી શકાય તથા તેવા અનુમાનોનું ખંડન કરવા માટે પુરાવાનો બોજો કોના પર છે તે માટે નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો ધ્યાનમાં લેતાં, "Hiten P. Dalal v. Bratindranath Banerjee" AIR 2001 SUPREME COURT 3897 માં નામદાર સર્વોચ્ચ અદાલતે એમ ઠરાવેલ છે કે,

Section 139 provides that "it shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability." The effect of these presumptions is to place the evidential burden on the accused of proving that the cheque was not received by the complainant towards the discharge of any liability. Because both Sections 138 and 139 require that the Court "shall presume" the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn, as noted in it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption had been established. It introduced an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused. Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the Court "may presume" a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non existence of the presumed fact. (Paras 20, 21)

The distinction between the two kinds of presumption lay not only in the mandate to the Court, but also in the nature of the evidence required to rebut the two. In the case of discretionary presumption the

presumption if drawn may be rebutted by an explanation which 'might reasonably be true and which is consistent with the innocence" of the accused. On the other hand in the case of a mandatory presumption "the burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under Section 114 of the Evidence Act and cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. The words 'unless the contrary is proved' which occur in this provision make it clear that the presumption has to be rebutted by proof and not by a bare explanation which is merely plausible. A fact is said to be proved when its existence is directly established or when upon the material before it the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exist. Unless therefore, the explanation is supported by proof, the presumption created by the provision cannot be said to be rebutted. (Para 23)

આમ, ઉપરોક્ત ચુકાદા મુજબ ચેક આપેલ તે કાયદેસરના દેવા પેટે આપેલ ન હતો તેવું સાબિત કરવાની જવાબદારી આરોપી ઉપર છે. જ્યાં સુધી તેનાથી વિપરીત હકીકત સાબિત ન થાય ત્યાં સુધી કોર્ટે એન.આઇ.એક્ટની કલમ–૧૩૮ અને ૧૩૯ મુજબ હકીકતો વિશે પ્રિઝમશન કરવાનું આદેશાત્મક છે. તેથી આરોપીએ તે ચેક દેવા પેટે નહિ પણ સિક્યોરીટી પેટે આપેલ તે હકીકત હાલના કેસમાં આરોપી પક્ષ સાબિત કરી શકેલ નથી.

ઉપરાંત આ અંગે અન્ય ચુકાદો જી.એલ.આર. ૨૦૦૬(૧) ૭૮૬ ગીરીશભાઈ નટવરભાઈ પટેલ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાતમાં પણ નામ. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ચેક લખનારે એન.આઇ. એક્ટની કલમ–૧૩૯ મુજબનું જે પૂર્વઅનુમાન છે તે રીબ્યુટ કરવું પડે ફરિયાદીએ આરોપીની જવાબદારી સાબિત કરવાની હોતી નથી.

૧૧/૧. એન.આઇ.એક્ટની કલમ–૧૩૮ મુજબની જોગવાઈઓનું પાલન કરવું ફરિયાદપક્ષ માટે આદેશાત્મ છે તે મુજબ જે સવાલવાળો ચેક હોય તે ચેક તેની તારીખથી ૦૬ (છ) માસમાં અથવા તો તેની વેલીડીટી પીરીયડ મુજબની સમય મર્યાદામાં બેંકમાં વટાવા રજુ થઈ જવો જોઈએ. જે સંદર્ભે આ

કામમાં આંક–૧૩ થી ચેક નં.૩૦૮૩૨૮ વાળો ચેક તા.૬.૧૨.૨૦૨૪ ના રોજનો છે. સદર ચેક ફરીયાદ પક્ષે વટાવવા માટે બેંકમાં રજૂ કરતા તા.૨૦૧૨.૨૦૨૫ ના રોજ રીટર્ન મેમા સાથે પરત ફરેલ છે. આમ, હાલના સવાલવાળો ચેક તેની છ માસની સમય મર્યાદામાં ફરિયાદપક્ષે રજુ કરી આપેલ છે. જેથી, એન.આઇ. એક્ટની કલમ–૧૩૮(એ)નું પાલન થયેલ છે.

૧૧/૨. જ્યારે ચેક બેંકમાંથી વગર વટાવ્યે પરત ફરે ત્યારે તે ચેકના પેયી કે યથાનુક્રમે ધારણકર્તાએ ચેક પરત ફર્યાની જાણ થયા ૩૦ દિવસમાં તે ચેકની રકમ અંગે તે ચેકના લખનારને દિન–૧૫ માં ચેકની રકમ ચુકવી આપવા લેખિતમાં નોટીસ આપવાની હોય છે.

૧૨. આરોપીએ નોટીસમાં જણાવેલ ૧૫ દિવસમાં ચેક મુજબની રકમ ફરિયાદીને ન ચુકવતાં ફરિયાદીએ આરોપી સામે એક માસમાં ફરિયાદ દાખલ કરવાની હોય છે તે મુજબ હાલની ફરિયાદ તા.૦૩.૦૪.૨૦૨૫ ના રોજ અત્રેની કોર્ટમાં ફરિયાદીએ દાખલ કરેલ છે. આમ, નોટીસ સમય બાદ એક માસની મર્યાદામાં ફરિયાદ દાખલ થયેલ હોય, જેથી એન.આઇ.એક્ટની કલમ–૧૩૮(સી) તથા કલમ–૧૪૨ મુજબની જોગવાઈનું પાલન યોગ્ય રીતે થયેલાનું જણાય છે.

૧૩. આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન તથા ફરિયાદીના વિ.વ.શ્રીની દલીલો તથા જે ચુકાદાઓ ઉપર આધાર રાખે છે તેનું ઉપરોક્ત ચર્ચા કરેલ કારણોસર એ હકીકત નિઃશંકપણે પુરવાર થાય છે કે, ફરિયાદીએ પોતાનો કેસ પુરવાર કરેલ છે તથા આ કામે આરોપી વિરૂદ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ તથા ૧૩૯ હેઠળ કરવામાં આવતાં અનુમાનોનું ખંડન આરોપી કરી શકેલ નથી. આમ, હાલના કેસમાં રેકર્ડ પરના પુરાવાઓ, પક્ષકારની દલીલો તેમજ ઉપરોક્ત ચર્ચા કરેલ ચુકાદાઓના આધારે પુરવાર થાય છે કે, આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ ગુનો કરેલ છે આથી મુદ્દા નં. ૦૧ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે અને આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

સબબ કામ આરોપીને સજા અંગે સાભળવા માટે મુલતવી રાખવા હુકમ કરવામાં આવે છે.

સદરહું હુકમ આજરોજ તારીખ ૨૩મી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩.૦૪.૨૦૨૬ (એન. બી. મુનશી)

સ્થળઃ ધોળકા એડી. ચીફ. જ્યુડીશિયલ મેજી., ધોળકા.

યુનીક કોડ નં. જી.જે.૦૦૭૩૫

૧૪. સદર કામે બચાવપક્ષે આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર રહી કોઈ બચાવ રજુ કરેલ નથી. જયારે ફરીયાદીના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, આ કામના આરોપીએ એક વર્ષથી ચેન કેન રીતે આ કેસ લંબાવેલ છે, કાયદેસરનું લેણુ ચુકવેલ નથી, જેથી સમાજમાં દાખલો બેસે તે માટે વધુમાં વધુ દંડ તથા કેદની શિક્ષા કરવા વિનંતી કરેલ છે.

ઉપરોકત સવિસ્તાર ચર્ચા કર્યા મુજબ આરોપી સામે આક્ષેપિત ગુનો નિ:શંકપણે સાબિત કરવા પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ અન્વયેના બોજાનું વહન કરવામાં ફરીયાદી સફળ થયેલા છે. ત્યારે આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયે દોષિત ઠરાવી તથા આ કામ સને ૨૦૨૫ ની સાલનુ છે ફરીયાદ પક્ષ તેમની લેણી રકમથી વંચિત રહેલ છે ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ- ૧૩૮ નો હેતુ ધ્યાનમાં લેતા ફરીયાદીને દોષિત ઠરેલ પાસેથી વળતરનો હુકમ કરવો ન્યાયી જણાય છે. નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો એ.આઈ.આર. ૨૦૦૨ એસ.સી. ૬૮૧ સુગન્થી સુરેશકુમાર વિરૂધ્ધ જગદીશનમાં નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, જયારે આરોપી વળતરની રકમ ન ભરે તો તેને બદલે કેદની સજા પણ કરી શકાય છે, તેથી ન્યાયના હિતમાં મુદા નં.૦૩ અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરૂ છું.

-: આખરી હુકમ :-

૦૧. ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૫(૨) અન્વયે આ કામના આરોપી **Harshad Haribahi Parmar** ROHITVAS, VEJALKA ROAD, JAWARAJ, DHOLKA, AHMEDABAD નાને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ- ૧૩૮ અન્વયે દોષિત ઠરાવી ૦૧(એક) વર્ષની સાદી કેદની સજા કરવામાં આવે છે અને રૂપિયા ૧,૯૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ નેવુ હજાર પુરા) વળતર પેટે ફરીયાદીને દિન-૬૦ માં ચુકવવા અને જો આરોપી આ વળતરની રકમ ન ચુકવે તો વધુ ૦૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૦૨. આરોપી આજરોજ કોર્ટમાં હાજર રહેલ ન હોય તેઓ સામે સજા વૉરન્ટ તાત્કાલીક ઈસ્યુ કરવું અને તેની એક નકલ જેલરશ્રી, સેન્ટ્રલ જેલ, અમદાવાદને મોકલવી અને એક નકલ કેસના રેકર્ડમાં રાખવી.

૦૩.	હુકમની એક નકલ આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૬૩(૧) અન્વયે વિના મુલ્યે આપવાની રહેશે. પરંતુ આરોપી કોર્ટમાં હાજર ન હોય, આરોપીને સજા વૉરન્ટના આધારે પકડીને જ્યારે સેન્ટ્રલ જેલ, અમદાવાદ ખાતે લાવવામાં આવે ત્યારે જેલરશ્રીએ આરોપીને સદર હુકમની નકલ પુરી પાડવી અને તેમ કર્યા અંગેનો રીપોર્ટ અત્રેની અદાલતને કરવો તે અંગે આ ચુકાદાની એક નકલ જેલરશ્રી, સેન્ટ્રલ જેલ, અમદાવાદને મોકલવી તેમજ તેઓને જરૂરી યાદી કરવી.

સદર હુકમ આજરોજ તારીખ ૨૩મી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩-૦૪-૨૦૨૬ (એન. બી. મુનશી)

સ્થળ: ધોળકા એડી. ચીફ. જ્યુડીશિયલ મેજી., ધોળકા.

યુનીક કોડ નં. જી.જે.૦૦૭૩૫

આર.જે. ગોહેલ(પી.એ.)